ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**

www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/ 58019 /૨૦૨૫

તા.૧૪-૦૭-૨૦૨૫

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ના Digital Gujarat પોર્ટલ પરની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓના અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત. (https://www. Digitalgujarat.gov.in). (તા૧૫-૦૭-૨૦૨૫ થી તા.૩૧-૦૮-૨૦૨૫ સુધી.)

સંદર્ભ: તા.૧૩-૦૭-૨૦૨૫ના વોટસએપ ગ્રુપના મેસેજ મુજબ.

માનનીય સાહેબ શ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે સમય મર્યાદામાં ઘટતી કાર્યવાહી કરી સ્તવરે વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી.

આભાર સહ,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ:- ઉપર મુજબ

# આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર

## નિયામક, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## ભારત સરકાર/રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Online કરવા બાબત

નિયામકશ્રી આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હસ્તકની નીચે મુજબની યોજનાઓની અમલવારી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવાની થાય છે. મૂળ ગુજરાત રાજ્યના ધો:૧૧-૧૨, ડિપ્લોમા, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજ્ય તથા રાજ્ય બહાર આવેલ સરકાર માન્ય ઉ.મા.શાળાઓ/યુનિવર્સિટીઓ/કોલેજો/I.T.I./સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કે જેઓએ સરકારશ્રીની MYSY મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કે અન્ય કોઇ યોજનામાં લાભ ન લેવાના હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓએ પોસ્ટ મેટ્રિકના વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં શિષ્યવૃત્તિ/સહાય માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships
1A. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (Freeship Card Students Only)
2. Post Matric Scholarship for ST Girls (Having annual Family Income more than 2.50 Lac)
2A. Post-Matric Scholarship For ST Girl s (Having annual family income more than 2.50 Lac)(Freeship Card/Medical Loan Student Only)
3. Food Bill Assistance to ST Students
4. Swami Vivekanand Scholarship for ST Students studying in ITI
5. Financial Assistance to Purchase of Instruments for Medical and Engineering Students
6. Fellowship Scheme for ST student studying in Ph.D.

ઉક્ત યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માટે શાળા/કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા કક્ષાના અનુસૂચિત જનજાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે તા:૧૫/૦૭/૨૦૨૫થી પોર્ટલ ખુલ્લું મુકવામાં આવશે. જેની છેલ્લી તારીખ તા:૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.

A. વિદ્યાર્થીઓ માટે:-

1. તમામવિદ્યાર્થીએફોર્મભરતાપહેલાંતેમનુંબેંકએકાઉન્ટઆધારસાથેલિંકસિડિંગ (enable ફોરડીબીટી) છેકેનહિતેનીખાતરીકર્યાબાદજફોર્મભરવાનુંરહેશે.
2. દરેકવિદ્યાર્થીએતેનોમોબાઈલનંબરઆધારસાથેલિંકકરવાનોરહેશે.
3. વિદ્યાર્થીએતેનુંબેંકએકાઉન્ટઅનેમોબાઈલનંબરસમગ્રઅભ્યાસક્રમ દરમ્યાનબદલવાનોરહેશે નહી. બેંકએકાઉન્ટનંબરડોર્મેન્ટ, ઇન ઓપરેટિવ કે ઇનેક્ટિવ ના થાય તેનુ ધ્યાન રાખવાનું રહેશે તેમજ પી.પી.એફ., સુકન્યાનિધિ, જનધનએકાઉન્ટ (વધારે રકમ માટે) કે એફ.ડી.એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે નહિ.

B. ઉચ્ચતરમાધ્યમિકશાળા (ધો: ૧૧/૧૨) /તમામ પ્રકારની કોલેજો/યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ./સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-

- ગત વર્ષે શાળા/કોલેજ/સંસ્થા/ITI એ જે ID-Passwordની મદદથી શિષ્યવૃત્તિ/સાધનસહાય/ટેબ્લેટ સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી, તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬મા કામગીરી કરવાની રહેશે. કોઇ આચાર્યશ્રી પોતાનો પાસવર્ડ ભુલી ગયેલ હોય તો "Forgot Password"ઓપ્શનની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર બદલાવવાની જરૂરીયાત ઉભી થાય તો જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી બદલાવી શકાશે.)
- જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:
કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સંસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી KCG,અમદાવાદ પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ-૧૧-૧૨માં દરેક ઉચ્ચતર માધ્યમિક શાળાનો DISE કોડ તેની Login ID રહેશે જ્યારે By Default Password જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Defaultપાસવર્ડChangeકરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીનમાંથી "Admin"મેનુમાં જઇ "Institute Profile"ફરજિયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીનમાંથી "Admin"મેનુમાં જઇ "Institute and Branch Mapping"પર ક્લિક કરી એડ કરવાના રહેશે. કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાંઆવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યારબાદ જ વિદ્યાર્થીઓને Onlineઅરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી.દરેક વર્ષે સંસ્થા/કોલેજએ પોતાની પ્રોફાઇલ પણ અપડેટ કરવી ફરજીયાત છે.
- GIA/સરકારીITIએ પોતાનો ID Password પોતાની રીજીયોનલ ઓફીસ (RDD)પાસેથી લેવાનો રહેશે. જ્યારે પ્રાઇવેટ ITIની કામગીરી જે તે નોડલ ITI મારફત કરવાની રહેશે.
- તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ/ સંસ્થાઓએ ઉક્ત યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી - જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર યોજનાની માહિતી પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા વિનંતી કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને તમામ હાર્ડકોપી સહિતની દરખાસ્તો જાળવી રાખવાની રહેશે તથા ઉચ્ચ કક્ષાએથી જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાની રહેશે.
- વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

આશિષ કુમાર (I.A.S)
નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(માહિતી/૮૪૭/૨૦૨૫-૨૬)